**જ. પ્ર. ગુપ્તા IAS**
**મુખ્ય રજિસ્ટ્રાર જન્મ-મરણ અને**
**આરોગ્ય કમિશ્નરશ્રી (આરોગ્ય)**

નં. એસબીએચઆઇ/જન્મ-મરણ/સુધારો/
વીએસ-૨૦૧૬. ૧૧૧૦-૧૫૫૮
મુખ્ય રજિસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને કમિશ્નરશ્રી,
આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ),
બ્લોક નં. ૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તાઃ ૧૮/૦૨/૨૦૧૬.

## પરિપત્ર

જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ની કલમ (૧૫)માં અને ગુજરાત જન્મ અને મરણ નોંધણી નિયમો, ૨૦૦૪ના નિયમ (૧૧)માં રજીસ્ટ્રારને જન્મ અને મરણ નોંધમાં સુધારો કરવાની વિસ્તૃત સત્તા આપવામાં આવેલ છે. બાળકના નામમાં સુધારો કરવા બાબતે રજીસ્ટ્રારશ્રીઓને માર્ગદર્શન મળી રહે તે હેતુથી સવિસ્તાર સમજણ આપવામાં આવેલ. પરંતુ અરજદારો દ્વારા સદર પરિપત્રનો દુરુપયોગ (misuse) થવાની વ્યાપક ફરિયાદ રજીસ્ટ્રારશ્રીઓ તરફથી અત્રે મળવા લાગી. કેટલાક જટીલ કેસોમાં રજીસ્ટ્રારશ્રીઓ સાથે સંઘર્ષ થયાના બનાવો બન્યા છે, તો અરજદારો દ્વારા કોર્ટનો સહારો લેવાના પણ કિસ્સા બન્યા છે.

ઉકત હકીકત ધ્યાને લઇ રજીસ્ટ્રારશ્રીઓને નીચે પ્રમાણે માર્ગદર્શન આપવામાં આવે છેઃ

(૧) મુખ્ય રજીસ્ટ્રારશ્રી (જન્મ-મરણ) અને કમિશ્નરશ્રી (આરોગ્ય) દ્વારા બહાર પાડેલ જન્મ અને મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ અંગેની માર્ગદર્શિકાના મુદ્દા નં. (૭.૪)માં જણાવ્યા મુજબ "કોઇપણ વ્યક્તિ પોતાનું નામ બદલી અને નવું નામ રજીસ્ટરમાં દાખલ કરવાનું જણાવે તો નવું નામ દાખલ કરી શકાય નહિં. આ જાતના સુધારા કલમ (૧૫)ના કાર્યક્ષેત્રમાં નથી. દા. ત. "સંજયકુમાર" નામ બદલીને"દિલીપકુમાર" નામ દાખલ કરાવવા વિનંતી કરવામાં આવે તો ગ્રાહ્ય રાખી શકાય નહિં. જો નામનો ભાવાર્થ બદલાતો ન હોય તો તેવા સુધારો કરી શકાય છે જેમ કે "સંજયકુમાર"ને બદલે "સંજયભાઇ" "રામલાલ" ને બદલે "રામભાઇ" જેવો સુધારો થઇ શકે".

(૨) અત્રેની કચેરીના **પરિપત્ર** નં. એસબીએચઆઇ/બીએન્ડડી/માર્ગદર્શન/૨૫૩૮- ૨૯૪૧/ વીએસ-૦૯, તાઃ૧૨-૮-૨૦૦૯ ના પાન નં.૨ ઉપર નો **બુલેટ નં. ૪** માં જણાવ્યા મુજબ "*પ્રવર્તમાન સામાજિક પરિસ્થિતી અનુસાર જન્મ નોંધણી સમયે બાળકનું નામ જન્મ નોંધમાં હોય તેના બદલે શાળા પ્રવેશ વખતે જુદુ હોય અને ત્યાર પછીના તમામ સરકારી અથવા અધિકૃત રેકર્ડમાં બાળક/વ્યક્તિનું નામ તે જ દર્શાવેલ હોય તો આવા કેસને કલમ (૧૫) હેઠળ આવરી લઇ જન્મ-મરણ નોંધણી સુધારા નિયમો ૨૦૦૪ના નિયમ-૧૧ના પેટા નિયમ-૪માં દર્શાવેલ કાર્યપદ્ધતિને અનુસરી આ પ્રકારની ભૂલો સુધારી લેવાની રહેશે. પરંતુ આવો સુધારો કરતાં પહેલાં જરૂરી સંપૂર્ણ તપાસ રજિસ્ટ્રારે કરી તેની સત્યતાની ખાતરી કરી લેવાની રહેશે*"

**આ મુદ્દો ઉપર (૧)માં જણાવેલ કારણસર આથી રદ કરવામાં આવે છે. જ્યારે બાકીની વિગતો યથાવત રહે છે.**

(૩) સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તાઃ ૧૧મી ઓગષ્ટ, ૧૯૮૯ના મુદ્દા નં. (૩) માં જણાવ્યા મુજબ શાળા છોડયાનું પ્રમાણપત્ર કે મેટ્રીકયુલેશન પ્રમાણપત્ર કે એસ. એસ.સી. પ્રમાણપત્ર કે સ્થાનિક સંસ્થા કે મ્યુનિસિપાલિટીના જન્મ-મરણના રજીસ્ટરમાં નોંધાયેલી જન્મ તારીખ બદલાવવાના પ્રસંગે **જન્મ-મરણ**

**રજિસ્ટરના ઉતારામાં** દર્શાવેલ જન્મ તારીખ સરકારી સેવામાં પ્રવેશ સહિતના તમામ હેતુઓ માટે **સાચી અને આખરી** ગણવાની રહે છે.

(૪) ભારતીય પુરાવા અધિનિયમ,૧૮૭૨ ની કલમ-૩૫ જણાવ્યા મુજબ

Section – 35 of Indian Evidence Act, 1872

"Any entry in the any public or other official book, register, record or electronic record stating a fact in issue or relevant fact, and made by

(a) a public servant in the discharge of his official duty, or
(b) any other person in performance of a duty specially enjoined by the law of the country in which such book, register, record or electronic record is kept,

is itself a relevant fact"

ઉપર મુદ્દામાં જણાવ્યા મુજબ રજીસ્ટ્રાર પાસે રહેલ **જન્મ-મરણ રજીસ્ટરની નોંધ એ જ અંતિમ પુરાવો છે.**

(૫) સગા-સંબંધીઓ પાસેથી બાળક દત્તક લેવાની બાબતમાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સાથે પરામર્શ કર્યા બાદ દેશમાંથી સંસ્થાઓ કે સગા-સંબંધી પાસેથી લેવાતાં દત્તક બાળકોની બાબતમાં નોંધાયેલ દત્તક વિધાન પૂરતો છે તેથી આવા પ્રસંગોમાં કોર્ટના દત્તક લીધા અંગેના હૂકમને રજૂ કરવાની કોઇ જ જરૂર નથી – તેવું નક્કી કરવામાં આવેલ છે. પરંતુ જયારે પુનઃલગ્ન ના કિસ્સામાં પિતા દ્વારા લેવાતા દત્તક બાળક માટે દત્તક વિધાન અને દત્તક હૂકમ બંને જરૂરી છે.

(૬) સર્વોચ્ચ અદાલતના ચૂકાદા અનુસાર અપરિણિત માતા/પિતા અથવા કુંવારી માતાના બાળકના જન્મની નોંધણીની કોઇને ઇન્કાર કરી શકાશે નહિં. આવા પ્રસંગોમાં અપરિણિત માતાનું નામ જન્મની નોંધમાં લખવામાં આવશે અને પિતાનું નામ ખાલી રાખવામાં આવશે. આવા કેસોની નોંધણી માટે નામદાર કોર્ટે સૂચવ્યા મુજબ જરૂરી દસ્તાવેજો કાયમી રેકર્ડ તરીકે રાખવાના રહેશે.

(જ. પ્ર. ગુપ્તા)IAS
મુખ્ય રજિસ્ટ્રાર જન્મ-મરણ અને
કમિશ્નરશ્રી (આરોગ્ય),
ગુજરાત રાજય

પ્રતિ,

૧. જિલ્લા રજિસ્ટ્રાર જન્મ-મરણ અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારશ્રી, જિલ્લા પંચાયત ............. (તમામ)

૨. રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ અને તબીબી અધિકારીશ્રી (આરોગ્ય),
................. મહાનગરપાલિકા, .......................... (તમામ)

૩. રજિસ્ટ્રાર જન્મ-મરણ અને ચીફ ઓફિસરશ્રી,
..................... નગરપાલિકા, તાઃ ................ જીઃ ............ (તમામ)

૪. તાલુકા રજીસ્ટ્રાર (જન્મ-મરણ)અને તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી, ............
તમામ જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારોને આ પરિપત્રની નકલ પહોંચાડવા કાર્યવાહી હાથ ધરવા સારૂ ...

૫. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદને સંબંધિતોને જાણ કરવા સારૂ ....